મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૧૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૬ ટકા

ગાંધીનગર તાપમાન

અખિલ ભારતીય મુલ્કી સેવા તરણ સ્પર્ધાનો આરંભ

જીમખાના ગાંધીનગર ખાતે યોજાનાર તરણ સ્પર્ધામાં ગુજરાત સહિત ૯ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશના ૨૭૨ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લેશે

ગાંધીનગર, તા.૨૭

ખેલમહાકુંભની સફળતાના પરિણામે ગુજરાતના ખેલાડી છેલ્લા વર્ષોમાં આંતરરાષ્ટ્રીય રમતોમાં ગોલ્ડ સહિતના મેડલ જીતીને અગ્રેસર રહ્યા છે તેમ, સેકટર-૨૧ જીમખાના ગાંધીનગર ખાતે ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ સ્વિમિંગ ટુર્નામેન્ટ ૨૦૧૮-૧૯ના શુભારંભ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ શ્રી ડૉ.જે.એન.સિંઘે જણાવ્યું હતું.

વિવિધ રાજ્યોના તરણવીરોને રાજ્ય સરકાર વતી આવકારતા ડૉ. સિંઘે કહ્યું હતું કે, છેલ્લા ૫-૧૦ વર્ષથી ગુજરાત સહિત ભારતના ખેલાડીઓ ઓલિમ્પિક, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ જેવી વૈશ્વિક રમતોમાં પોતાનું કૌશલ્ય બતાવીને ગોલ્ડ સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવીને રાજ્ય અને દેશને ગૌરવ અપાવી રહ્યા છે. આ વર્ષે પણ ગુજરાતમાં યોજાઈ રહેલા ખેલમહાકુંભ રમતોત્સવમાં ૪૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ-યુવાનો ભાગ લઈ રહ્યા છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં રમત-ગમતનું વાતાવરણ નિર્માણ થયું છે તેમ જણાવીને સ્પર્ધામાં ભાગ લેનાર તરણવીરોને ડૉ. સિંઘે શુભેચ્છાઓ આપીને ટુર્નામેન્ટનો શુભારંભ કરાવ્યો હતો.

સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સંગિતા સિંઘે ખેલાડીઓને ટુર્નામેન્ટમાં વિજેતા બનવા શુભેચ્છાઓ આપતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ખેલમહાકુંભના માધ્યમથી લાખો ખેલાડીઓ માટે એક પ્લેટફોર્મ પુરું પાડીને રમતનું વાતાવરણ ઉભુ કર્યુ છે. નેશનલ કક્ષાની સિવિલ ટુર્નામેન્ટના સફળ આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ અને જીમખાનાના ચેરમેન શ્રી પંકજકુમારે કહ્યું હતું કે, ગાંધીનગરમાં આ ઉજી ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ સ્વિમિંગ ટુર્નામેન્ટ યોજાઈ રહી છે જે આપણા માટે ગૌરવ સમાન છે. જીમખાનાની સામે રાજ્ય સરકાર દ્વારા આધુનિક કક્ષાનું ક્રિકેટ મેદાન નિર્માણ પામી રહ્યું છે જેમાં આગામી સમયમાં દિલીપ ટ્રોફી, રણજી ટ્રોફી જેવી પ્રથમ શ્રેણીની ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવાનું આયોજન છે. ગુજરાત સહિત ૯ રાજ્યોની ટીમના તરણવીરોને મહત્તમ ગોલ્ડ મેડલ જીતવા શ્રી પંકજકુમારે શુભેચ્છાઓ આપી હતી.

જીમખાના ખાતે તા.૨૭ થી ૨૯ નવેમ્બર ૨૦૧૮ દરમિયાન યોજાનાર અખિલ ભારતીય મુલ્કી સેવા તરણ સ્પર્ધા ૨૦૧૮-૧૯માં ગુજરાત, કર્ણાટક, સેન્ટ્રલ સેક્રેટરિએટ (ચેન્નઈ), છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, કેરળ અને હરિયાણા, એન.સી.ટી. દિલ્હી અને કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપના કુલ ૨૭૨ કર્મચારીઓ ભાગ લઈ રહ્યા છે.

કેન્દ્રના શ્રી કમલેશ નાણાવટીએ ટુર્નામેન્ટના પ્રારંભે ખેલાડીઓને રમતમાં ખેલદિલી અંગેના શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે વૈધાનિક અને સંસદીય બાબતોના સચિવ શ્રી સી.જે.ગોઠી, કેન્દ્ર સરકારના પ્રતિનિધિ શ્રી રાજેન્દ્ર કુમાર, સામાન્ય વહીવટ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ રમતપ્રેમીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને તરણવીર સ્પર્ધકોનો જુસ્સો વધાર્યો હતો.

નર્સિંગ કોલેજ કેમ્પસમાં નવી 'મધુ હોસ્ટેલ'નું ઉદઘાટન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેકટર-૧૨માં કડી વિશ્વ વિદ્યાલય સંચાલિત નર્સિંગ કોલેજ સંકુલ ખાતે આજે નવનિર્મિત 'મધુ હોસ્ટેલ'નું ઉદઘાટન યોજાયું હતું. ઉદઘાટન કાર્યક્રમાં હોસ્ટેલના દાતાઓ ઉપરાંત કડી સર્વ વિશ્વ વિદ્યાલયના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હોસ્ટેલના અમેરિકાથી પધારેલ મુખ્ય દાતા પિયુષભાઈ પટેલ ઉર્ફે પૉલે 'અગાઉ ભારતને અન્ય દેશોની જરૂર પડતી હતી પરંતુ હવે એવો સમય આવશે કે અન્ય દેશોને ભારતની જરૂર પડશે' તેવો આશાવાદ વ્યકત કરતા વિદ્યાર્થીઓને હિંમત કેળવવા પ્રોત્સાહિત કર્યા હતા.

કેએસવીના ચેરમેન વલ્લભભાઈ પટેલે આ પ્રસંગે દાતાઓનો આભાર માનતા જણાવ્યું હતું કે 'જે સંસ્થા વિદ્યાર્થીઓને સાચા રસ્તે લઈ જવા કામ કરે છે તેને કયારેય દાનની ખોટ પડતી નથી.' કાર્યક્રમમાં યુએસએથી આવેલા દાતાઓમાં જેમના નામથી હોસ્ટેલ નિર્માણ પામી છે તે મધુબેન તથા તેમના પતિ ભીખુભાઈ પટેલ અને પુત્ર પિયુષભાઈ ઉર્ફે પૉલ, અજીતભાઈ પટેલ તથા કિર્તીબેન, રસિકભાઈ પટેલ તથા મંજુલાબેન, એમ.જી. પટેલ તથા સવિતાબેન, ભરતકુમાર પટેલ તથા પ્રભાવતીબેન, છનાભાઈ પટેલ, નંદુભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, માણેકભાઈ તથા જયંતિભાઈ ઉર્ફે જોસેફ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કડી સર્વ વિદ્યાલય મંડળના પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલ, રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલા તથા કારોબારી સભ્યો, કડી સંકુલની સંસ્થાઓના આચાર્યો, નર્સિંગ કોલેજ તથા ફિઝિયોથેરેપી કોલેજના કર્મચારીગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શહેરમાં ટ્રાફિક સમસ્યા નિવારવા રજુઆત

ગાંધીનગર, તા.૨૭

આગામી જાન્યુઆરીમાં ગાંધીનગરમાં વાઈબ્રન્ટ પરિષદ યોજાવાની છે. જે સમયે મહાત્મા મંદિર, સેકટર-૧૭ના પ્રદર્શનવાળી જગ્યાએ દેશ વિદેશના ઉદ્યોગકારો રોકાણ કરવા માટે ગુજરાતમાં આવનાર છે ત્યારે ગાંધીનગર શહેરના નાગરિકોને, કર્મચારીઓને, બાળકોને તેમજ વિદ્યાર્થીઓને કચેરીએ કે સ્કુલે આવવા જવાના સમયે શહેરમાં મોટા પ્રમાણમાં વાહનો મુખ્ય માર્ગ ચ-ઘ-ગ-ઘ-ખ રોડ પરથી પસાર થાય છે ત્યારે ટ્રાફિક જામ થાય છે. પોલીસ દ્વારા અણઘડ વ્યવસ્થા ગોઠવાય છે અને શહેરીજનો મુશ્કેલીમાં મુકાય છે આથી નિયત સમયે કોઈ પહોંચી શકતું નથી પરિણામે નાગરિકોમાં ઉગ્ર આક્રોશ ફેલાય છે.

આથી પાર્કિંગ માટે અલગ અલગ વ્યવસ્થા ગોઠવવી તેમજ સેકટર-૧૭, ચ-ઉનું રામકથા મેદાન - નવરાત્રી ગ્રાઉન્ડમાં વ્યવસ્થા ન ગોઠવવી કેમ કે ત્યાં વ્યવસ્થા ગોઠવવાથી ટ્રાફિક જામ થાય છે તે અનુભવે જણાયેલ છે. ખૂબ અવર-જવર વાળા ઘ-ગ-ચ રોડ ફકત શહેરના નાગિરકો માટે ખુલ્લા મુકવા અને ફકત ખ રોડ પર બહારથી આવેલ મુલાકાતીઓ તથા રોકાણકારો માટે અલગ અવર-જવરની વ્યવસ્થા ગોઠવવી તથા બહારથી આવેલ વાહનો માટે શહેરથી એક કિમી દૂર અલગ ગુડા વિસ્તારના ખેતર અથવા મોટા પ્લોટમાં પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવી જેથી શહેરના નાગરિકોને હાલાકી ભોગવવી પડે નહિ અને નાના-મોટા અકસ્માતો થતા અટકે તેમ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહજી બિહોલાએ ગૃહમંત્રી પ્રદિપસિંહજી સમક્ષ લેખીતમાં અગાઉથી રજુઆત કરેલ છે.

સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા ૨૪મી ફેબ્રુઆરીએ યજ્ઞોપવિત સંસ્કાર યોજાશે

ગાંધીનગર, તા.૨૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ ગાંધીનગર દ્વારા તા. ૨૪મી ફેબ્રુઆરીએ ફાગણ વદ છઠ્ઠના રોજ ૩૧ બટુકો માટે પાંચમો સમુહ યજ્ઞોપવિત યોજવામાં આવનાર છે.

તા. ૨૩મી ફેબ્રુઆરીએ રાત્રે ૮ કલાકે રાસ ગરબા યોજાશે. બીજે દિવસે ૩૧ શાસ્ત્રોકત બ્રાહ્મણો અને વિદ્વાન આચાર્ય સાથે સમુહ યજ્ઞોપવિતની વિધિ ચાલુ થશે. આ સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમમાં સમસ્ત બ્રહ્મસમાજના જે કોઈ વાલીએ બટુકને યજ્ઞોપવિત ધારણ કરાવવાની ઈચ્છા હોય તેઓ સે-૨૩ના પ્રમુખ નરેન્દ્ર વ્યાસ. મો. ૯૮૯૮૦ ૩૨૬૫૯ અને કારોબારી સભ્યશ્રીનો સંપર્ક કરી નામ નોંધાવી શકશે આ સિવાય બ્રહ્મભવન સે-૧૬ ખાતે પણ સંપર્ક કરી ફોર્મ મેળવી શકશે અને તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધીમાં ફોર્મ પરત કરવા વિનંતી છે. હવે ફકત ૧૨ બટુક જ બાકી હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ સ્વીકારવામાં આવશે.

ઘ-૫ ચોપાટીના વેપારીઓની પાર્કીંગ અને આરસીસી માર્ગ બનાવવા રજુઆત

ગાંધીનગર, તા.૨૭

રાજયના પાટનગર ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં તંત્ર દ્વારા ખાણીપીણી બજાર ઉભુ કરવામાં આવ્યું છે. આ ખાણીપીણી બજારને નગરજનો તેમજ અન્ય નાગરીકો ઘ-૫ ચોપાટી તરીકે ઓળખે છે. આ ખાણીપીણી બજારમાં રોજના હજજારો નાગરીકો વિવિધ વાનગીનો સ્વાદ માણવા માટે અહીં પધારે છે. જાહેર સમારંભ અને વાઈબ્રન્ટ સમયે ખાણીપીણી બજાર ગ્રાહકોથી ઉભરાતુ હોય છે. ત્યારે ખાણીપીણી બજારના સ્થાનિક વેપારીઓની પણ કેટલીક પડતર માંગણીઓ છે જેનો તંત્ર દ્વારા ઉકેલ આવી શકે તેમ છે. વેપારીઓની મુખ્યત્વે માંગણીઓમાં ખાણીપીણી બજારની બાજુમાં આરસીસી માર્ગ તેમજ પાર્કીંગની વ્યવસ્થા, ફુડકોર્ટની ફરતે ચાર ફુટની દિવાલ કરવી તેમજ ગટરની જુની નાની પાઈપો બદલીને નવી મોટી પાઈપો નાંખવામાં આવે સહિતનો સમાવેશ થાય છે.

રાજયના પાટનગરમાં સરકારી તંત્ર દ્વારા વેપારીઓ એક જ સ્થળે ઉભા રહીને શાંતિથી પોતાનો વેપાર-ધંધો કરી શકે તે માટે વિશાળ જગ્યામાં ફુડકોર્ટ બનાવવામાં આવી છે. જેને નગરજનો ઘ-૫ ચોપાટી તેમજ ખાણીપીણી બજાર તરીકે ઓળખે છે. શહેરની ચોપાટી અન્ય શહેરના નાગરીકોમાં પણ હોટ ફેવરીટ બની જવા પામી છે. શહેરની મધ્યમાં ચોપાટી હોવાથી દરેક ને નાગરીકને નાસ્તા-જમવા માટે સરળતા રહે છે. શહેરમાં જાહેર સમારોહ, સેમિનાર, વાઈબ્રન્ટ સહિતના પ્રસંગોએ ખાણીપીણી બજાર ગ્રાહકોથી સવાર-સાંજ ભરેલું જોવા મળે છે. ત્યારે ખાણીપીણી બજારમાં સ્ટોલ ધરાવતા વેપારીઓના પણ કેટલાક પડતર પ્રશ્નો છે જેની રજુઆત તેઓએ તંત્ર સમક્ષ કરી છે અને આ માંગણીઓનો સત્વરે ઉકેલ આવે તેમ વેપારીગણ ઈચ્છી રહ્યા છે. જેમાં જમવા માટે આવતા નાગરીકોને સ્પર્શતા પ્રશ્નનો સમાવેશ થાય છે. ઘ-૫ પેટ્રોલપંપની પાછળની સાઈડથી લઈ આરવર્લ્ડ સુધી આરસીસી માર્ગ કરવો, પાર્કીંગની વ્યવસ્થા, ફુડકોર્ટની ફરતો ચાર ફુટની દિવાલ કરવી અને તેના પર વાયર ફેન્સીંગ કરવી, જમવા માટે આવતા નાગરીકો શાંતિથી પરિવાર સાથે જમી શકે અને વેપારીઓને પણ સલામતી મળી રહે તે માટે પોલીસ ચોકીની વ્યવસ્થા કરવી. તે ઉપરાંત ખાણીપીણી બજારમાં ૬૦ થી વધુ દુકાનો આવેલી છે. જેમાં સવાર-સાંજ હજજારો નાગરીકો ભોજન કરે છે. ત્યારે વર્ષો પહેલા તૈયાર કરેલી ફુડકોર્ટમાં નાના ડાયામીટરની પાઈપ નીકાળીને તંત્ર દ્વારા મોટા ડાયામીટરની પાઈપો નાંખવામાં આવે તો ઉભરાતી ગટરોનો પ્રશ્ન હલ થઈ શકે છે અને ખાણીપીણી બજારમાં કાયમી માટે ગંદકી દુર થઈ જાય તેમ છે. ત્યારે તંત્ર દ્વારા સત્વરે ખાણીપીણી બજારના પડતર પ્રશ્નનો ઉકેલ આવે તેવી સ્થાનિક વેપારીઓની લાગણી અને માંગણી છે.



તંત્ર સમક્ષ ગટરના ડાયામીટર બદલવા પણ વેપારીઓની માંગ

વિધાનસભા ખાતે શ્રી ગણેશ વાસુદેવ માવળંકરની ૧૩૧મી જન્મ જયંતી નિમિત્તે પુષ્પંજલિ અપાઈ

ગાંધીનગર, તા.૨૭

આઝાદ ભારતની પ્રથમ સંસદના પ્રથમ અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકરની તા.૨૭ નવેમ્બર-૨૦૧૭ના રોજ ૧૩૧મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા પોડીયમમાં મુકાયેલા તેમના તૈલચિત્રને વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ.પટેલ દ્વારા ભાવસભર પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે વિધાનસભા સચિવાલયના ઉચ્ચ અધિકારીઓ તેમજ કર્મચારીઓએ ઉપસ્થિત રહીને શ્રી માવળંકરના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.

વાવોલમાં દરોડો પાડી પોલીસે મકાનમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો પકડયો

મકાનના ઉપરના માળે દીવાલમાં બનાવેલા ખાનાઓમાં દારૂ સંતાડ્યો હતો : ૭૫ બોટલ જપ્ત : આરોપી ફરાર

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં યુવરાજસિંહ ઉર્ફે ભુરીયો નામનો શખ્સ દારૂનો વેપલો કરતો હોવાની બાતમીને આધારે સેકટર-૭ પોલીસની ટીમે તેના મકાનમાં દરોડો પાડયો હતો. મકાનના ઉપરના માળે દીવાલમાં બનાવેલા ખાનાઓ ચેક કરીને તેમાંથી પોલીસે ૭૫ નંગ નાની મોટી વિદેશી દારૂની બોટલો પકડી પાડી હતી. તો બીજી તરફ પોલીસને જોઈને આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસે રૂ. ૩૪,૦૦૦ નો દારૂનો જથ્થો જપ્ત કરીને ફરાર થઈ ગયેલા આરોપી સુધી પહોંચવા કવાયત તેજ કરી છે.

સે-૭ પોલીસ મથકના પીઆઈ જે.ડી મેવાડાની ટીમના પી.એસ.આઈ એ.જે.શાહ તથા સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન એએસઆઈ પ્રવીણસિંહ અને મહેન્દ્રસિંહને બાતમી મળી હતી કે વાવોલ ગામના દરબાર વાસમાં આવેલા ગોરવંટા વાસમાં રહેતો યુવરાજસિંહ ઉર્ફે ભુરીયો બાલુજી રણુજી ગોલ પોતાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખે છે અને દારૂનો વેપલો કરે છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને મકાનના ઉપરના માળે દીવાલમાં બનાવેલા ખાનાઓમાંથી દારૂની બોટલનો જથ્થો પકડી પાડયો હતો. ૭૫ નંગ નાની મોટી વિદેશી દારૂની બોટલનો જથ્થો જપ્ત કરીને સે-૭ પોલીસે યુવરાજ સિંહ ઉર્ફે ભુરીયા ગોલની સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ પોલીસને જોઈને આરોપી યુવરાજસિંહ ઉર્ફે ભુરીયો ભાગી ગયો હોવાથી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર સહયોગ સંકુલ ખાતે જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની કારોબારી સભા મળી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ સંઘના મુખ્ય કમિશનર રતીલાલ જોશીના અધ્યક્ષસ્થાને કારોબારી સભા સહયોગ સંકુલ ગાંધીનગર ખાતે મળી હતી.

આ સભામાં જિલ્લાના સ્કાઉટ ગાઈડ બાળકોને રાજય પુરસ્કાર માટેનો ટેસ્ટીંગ કેમ્પ તા. ૧૧-૧૨-૨૦૧૮ના રોજ બ્રાઈટ સ્કુલ વલાદ ખાતે યોજાશે તથા રાજય પુરસ્કાર પરીક્ષા તા. ૨૧-૧૨-૨૦૧૮ના રોજ એસ.જી. ચૌધરી સંકુલ માણસા ખાતે લેવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાની સ્કાઉટ ગાઈડ રેલી તા. ૧૦ જાન્યુઆરી ૨૦૧૯ થી ૧૧ જાન્યુઆરી ૨૦૧૯ સુધી રાખવામાં આવશે. જે પાટના કુવા તા. દહેગામ ખાતે યોજાશે અને રાજય રેલી તા. ૩૧ જાન્યુઆરી ૨૦૧૯થી ૩ ફેબ્રુઆરી ૨૦૧૯ દરમિયાન ભાવનગર ખાતે યોજાશે. તમામ કાર્યક્રમોમા વધુમાં વધુ સ્કાઉટ ગાઈડ ભાગ લે અને ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી જિલ્લાનું નામ રોશન કરે તેવું ઠરાવવામાં આવ્યું છે.

રાજુભાઈ રબારીએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે જિલ્લા સ્કાઉટ કમિશનર યુવરાજસિંહ વાઘેલા અને જિલ્લા ઉપપ્રમુખો તથા તમામ હોદ્દેદારો હાજર રહ્યા હતા એમ મુખ્ય કમિશનર ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘના રતિલાલ જોશીએ જણાવ્યું હતું.

@ગાંધીનગર

● ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ આંબેડકર હોલ સે-૧૨ ખાતે બપોરે ૩.૩૦ કલાકે યોજાશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી ખાતે બંધારણ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે તા. ૨૬મી નવેમ્બરે ભારતીય બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભારતીય સંવિધાન અને બાળહક્કો વિષયે નિબંધ સ્પર્ધા સહિત વિવિધ વિષયે વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી અને તમામ સ્પર્ધાના વિજેતાઓને સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. કમલામની રાવ, હિસાબી અધિકારી રિતેશભાઈ શાહ, અધ્યાપકો ડૉ. નિલેશ પંડયા અને ડૉ. ધર્માંશુ વૈધ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એમએસડબલ્યુની વિદ્યાર્થીની હિમાની સુથારે અને આભારદર્શન અધ્યાપિકા ડૉ. રૂપમ ઉપાધ્યાયે કર્યું હતું.

ત્રણ વર્ષથી નાસતો ફરતો બુટલેગર ચિલોડા સર્કલથી પકડાયો

ગાંધીનગર, તા.૨૭

ચિલોડા પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપી ચિલોડા પોલીસ મથકની સામે જ એક ગલ્લા પાસે બિન્દાસ્તપણે ઊભો હતો અને ચિલોડા પોલીસ તેને પકડતી ન હતી. ગાંધીનગર એસઓજી ઈન્ચાર્જ પીઆઈ જે.આર કરોતરાની ટીમે ગઈ કાલે ચોક્કસ બાતમીના આધારે આ આરોપીને ચિલોડા સર્કલ પાસેથી પકડી પાડયો હતો. વર્ષ-૨૦૧૫માં ચિલોડા પોલીસ મથકમાં દારૂની હેરાફેરીનો ગુનો દાખલ થયો હતો તે ગુનામાં એક આરોપી હજુ સુધી નાસતો ફરતો હતો. રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના રતનપુર પાસે આવેલી મહાકાળી હોટલ ખાતે રહેતો આરોપી રાધેશ્યામ હરિલાલ બારોટ ને એસ.ઓ.જી.ની ટીમે ચિલોડા સર્કલ થી અમદાવાદ જતા રોડ ઉપર દિપાલી પાન પાર્લર નજીકથી પકડી પાડ્યો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે છેલ્લા ત્રણ વર્ષથી નાસતા-ફરતા આ બુટલેગરની ધરપકડ કરીને ચિલોડા પોલીસને સોંપી દીધો છે.

ચિરવિદાય

- સ્વ. પટેલ ભીખીબેન મનુભાઈ, ઉ.વ. ૬૮
- સ્વ. મકવાણા ખોડાભાઈ ભોપાભાઈ, ઉ.વ. ૬૯
- સ્વ. પરમાર ચંપકભાઈ રામજીભાઈ, ઉ.વ. ૪૫
- સ્વ. પુષ્પાબેન અરવિંદભાઈ મોદી, ઉ.વ. ૭૩